ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# હાશ..અસરગ્રસ્ત ખેડૂતોની વર્ષો જુની સમસ્યાનો આવ્યો ઉકેલ

**સાંસદ અમિતભાઇ શાહના સહયોગ અને ધારાસભ્ય રીટાબેન પટેલના પ્રયાસોથી હવે અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલા પ્લોટ્સમાં નામ ટ્રાન્સફર થઇ શકશે. : સુપ્રીમ કોર્ટના મનાઈ હુકમમાંથી અસરગ્રસ્ત ખેડૂતોને બાકાત રાખવાનો કાયદા વિભાગનો અભિપ્રાય મળતા વર્ષોથી અટકેલા સનદના કાર્યો હવે શક્ય બનશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં પાટનગર નિર્માણ સમયે પોતાની ખેતીની મહામૂલી જમીનો આપનાર અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલ પ્લોટ(બાંધકામ સહિત)ના વેચાણ બાબતે નામ.સુપ્રિમ કોર્ટ ખાતે પડતર એસ.એલ.પી.૮૯૬/૨૦૧૨ના કેસમાં આવેલ તા.૦૨/૧૧/૨૦૧૨ના મનાઈ હુકમ લાગુ હોવાને કારણે આ અસરગ્રસ્તો પોતાના પ્લોટ કે બાંધકામ સહિતના પ્લોટ-મકાનને વેચાણ કરી શકતા નહોતા જેના કારણે ખાસ કરીને સેક્ટર-૨૫ અને સેક્ટર-૨૬ સહિતના પ્લોટધારકો છેલ્લાં ઘણા વર્ષોથી મૂંઝવણમાં મુકાયેલા હતા. જોકે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ખુબજ એક્ટિવ મહિલા માન.ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના પ્રયાસોને પગલે અને ગાંધીનગરના સાંસદ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માન. અમિતભાઈ શાહના સકારાત્મક સહયોગથી આ પ્રશ્નો ઉકેલ આવ્યો છે અને હવે આ મનાઈ હુકમમાંથી અસરગ્રસ્ત ખેડૂતોને બાકાત રાખવાનો કાયદા વિભાગનો અભિપ્રાય મળતા અસરગ્રસ્ત ખેડૂતોની વર્ષો જુની સમસ્યાના ઉકેલની દિશા મળી છે જેના પગલે શહેરના આશરે અઢી હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂત પરિવારોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

ઘણા લાંબા સમયથી અટવાઈ રહેલી આ સમસ્યાના ઉકેલ મતે ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલણ સાધીને નામદાર સુપ્રીમ કોર્ટના મનાઈ હુકમના અર્થઘટન અંગે માર્ગદર્શન મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા જેમાં સાંસદ માન. અમિતભાઈ શાહનો સાકારત્મક સહયોગ પ્રાપ્ત થયો હતો. આ અંગે માર્ગ અને મકાન વિભાગને કાયદા વિભાગે "સુપ્રિમ કોર્ટનો તા.૦૨/૧૧/૨૦૧૨નો આદેશ શહેર ગાંધીનગરના વિકાસ માટે જેમની જમીનો સંપાદિત કરવામાં આવી હતી અને આવા સંપાદનના બદલામાં આવા પ્લોટો ટ્રાન્સફર કરીને વેચવા માટે મંજૂર કરવામાં આવ્યા હતા તે વ્યક્તિઓને લાગુ પડશે નહીં" તે પ્રકારે અર્થઘટન તારવતા હવે ગાંધીનગર ખાતે સેક્ટર ૨૫,૨૬માં અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલ પ્લોટના પ્લોટધારકો તેમના બાંધકામ સહિતના પ્લોટનું વેચાણ કરી શકે તે દિશામાં માર્ગ મોકળો થયો છે. માન.ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના પાટનગરવાસીઓ પ્રત્યેના સંવેદનશીલ અભિગમ અને અસરકારક પ્રયાસોને કારણે લાંબા સમયથી ગૂંચવાયેલો પ્રશ્ન ઉકેલાઈ જવા પામ્યો છે અને હવે વર્ષોથી અટકેલા સનદના કાર્યો થઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે છે કે આ બાબતે વિવિધ સંસ્થાઓ અને પૂર્વ મહિલા કોર્પોરેટર જાગૃતિબેન પુરોહિત દ્વારા પણ વિવિધ સ્તરે સતત રજૂઆતો કરવામાં આવી હતી જેને ધારાસભ્ય રીટાબેન પટેલના પ્રયાસોનું બળ મળતાં સુખદ ઉકેલ આવ્યો છે. આ અંગે કાયદા વિભાગના માર્ગદર્શનની વિગતવાર નકલ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલેક્ટર કચેરી ખાતે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવા મોકલી આપવામાં આવી છે.

## અસરગ્રસ્ત ખેડૂતોમાં હર્ષની લાગણી

"ગાંધીનગર પાટનગર યોજનાના ખેતીની જમીન ગુમાવનાર ખેડૂતોને સરકારશ્રીએ સેક્ટર-૨૫ અને ૨૬માં રાહત દરે આપેલા રહેણાક પ્લોટ બાબતે અગાઉ સરકારશ્રીએ સંસંદસભ્ય, ધારાસભ્ય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓને મળેલ રાહત દરે ફાળવેલ પ્લોટ બાબતે થયેલ કોર્ટ મેટર થતા સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ પ્રકારના પ્લોટોના વેચાણ, નવી ફાળવણી અને તેને આનુસાંગિક તમામ વ્યવહારો સ્થગિત કરેલ હતા.

આ બાબતે માન.ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ તેમજ અન્ય સંગઠનો દ્વારા સરકારશ્રીમાં યોગ્ય રજુઆત કરવામાં આવી હતી કે પાટનગર યોજના હેઠળ જમીન ગુમાવનાર ખેડૂતોને અપાયેલ પ્લોટો રાહદરના પ્લોટનો કિસ્સો અલગ હોવાથી સુપ્રીમ કોર્ટ દ્વારા આપેલ મનાઈ હુકમ અન્વયે સરકારશ્રી દ્વારા આ બાબતે પુનઃઅવલોકન કરી અને સુપ્રીમ કોર્ટ દ્વારા આપયેલ મનાઈ હુમકનું સાચુ અર્થઘટન કરે. સુપ્રીમ કોર્ટના દ્વારા અપાયેલ વ્યાખ્યામાંથી અસરગ્રસ્ત ખેડૂતોને મુક્ત કરી અસરગ્રસ્તોને મળેલ પ્લોટો સંજોગોને આધીન વેચાણ કરવાના થાય તો તેઓ વેચાણ કરી શકે તે રજૂઆત પરત્વે સરકારશ્રી દ્વારા અસરગ્રસ્તોને મળેલ/ફાળવેલ પ્લોટનું વેચાણ/તબદીલી કરી શકે તેવો નિર્ણય કરતાં અસરગ્રસ્તો ખેડૂતમાં હર્ષની લાગણી અનુભવાઈ છે. વધુમાં સરકારશ્રીના આ સકારાત્મક નિર્ણયના કારણે વર્ષોથી વણ ઉકેલાયેલ પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાશે. સનદો અંગેની કાર્યવાહી પણ ઝડપથી થઈ શકશે."

**- ભરતસિંહ બિહોલા,**
**પ્રમુખ, ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મહામંડળ**

## ધારાસભ્યનો આભાર, અન્ય મિલકતધારકો માટે પણ મંજૂરી મેળવવી જોઈએ : વસાહત મહામંડળ

"સેક્ટર-૨૬ અને ૨૭માં અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલા પ્લોટો પર બંધાઈ ગયેલા મકાનોના વેચાણ પર રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવવામાં આવ્યો હતો તે દુર કરવા તા.૧૦-૦૮-૨૦૨૨ના રોજ વસાહત મહામંડળ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી હતી. ધારાસભ્ય રીટાબેન કેતનકુમાર પટેલ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોના કારણે સુપ્રીમ કોર્ટના આદેશનું યોગ્ય અર્થઘટન કરાવવાથી આ પ્રતિબંધ દૂર થયો છે જેના પગલે વસાહત મહામંડળ આભાર વ્યક્ત કરે છે. આ પ્રમાણે સરકારી કર્મચારીઓ અને ધારાસભ્યોના પ્લોટને નામફેર કરવાની મંજૂરી પણ મેળવવામાં આવે તે જરૂરી છે જેથી પોતાના વતન કે વિદેશમાં સ્થાયી થયેલા નગરના મિલકતધારકો પણ તેમની અહીંની મિલકતણુ વેચાણ કરી શકે."

**અરુણભાઈ બુચ,**
**પ્રમુખ, ગાંધીનગર, શહેર વસાહત મહામંડળ**

## ખેડૂતોની વર્ષો જૂની સમસ્યા ઉકેલાતા આભાર : જાગૃતિ પુરોહિત

"વહીવટી અધિકારીઓની ભૂલને લીધે ખેડૂતોને મકાન વેચવા અને બાકી પ્રીમિયમની અમારી વર્ષો જૂની માંગણી હતી તેમાં આદરણીય ધારાસભ્ય રીટાબેનના સતત ફોલોઅપના લીધે આજે ખેડૂતોને ન્યાય મળ્યો છે, આદરણીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, આદરણીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ અંગત રસ લઈ આ સમસ્યાનો હકારાત્મક ઉકેલ આવેલ છે. હું સૌનો દિલથી ખુબ ખુબ આભાર માનું છું"

**- જાગૃતિ મહેશકુમાર પુરોહિત**
**ભાજપ અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર, વોર્ડ નં.૧**

## અસરગ્રસ્ત ખેડૂતોને ન્યાય અપાવવા ધારાસભ્યનો આભાર : વસાહત મહાસંઘ

ગાંધીનગરમાં પાટનગર નિર્માણ સમયે પોતાની ખેતીની મહામૂલી જમીનો આપનાર અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલ પ્લોટ કે તેના પર બાંધવામાં આવેલા મકાનોને વેચાણની પરવાનગી ના હોવાને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને લાંબા સમયથી અન્યાય થઈ રહ્યો હતો. આ સમસ્યા અંગે અનેક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો ન હતો. ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલના સકારાત્મક પ્રયાસોને કારણે પાટનગરના અસરગ્રસ્ત ખેડૂતોને લાંબા સમયે ન્યાય મળ્યો છે જે માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે. "

**- કેશરીસિંહ બિહોલા,**
**પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ**

# પડતર માંગણીઓ ના સંતોષાતા શિક્ષકો દ્વારા બ્લેક વિકની ઉજવણી

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળઆઓના શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફના સભ્યો એ પડતર માંગણીઓને અનુલક્ષીને લડતના મંડાણ કર્યા છે આગામી તારીખ ૨૪મી સુધી શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા કાળા વસ્ત્રો પહેરી બ્લેક વિક ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જ્યારે પડતર માંગણીઓ માં કાયમી ભરતી અને રજાનું રોકડમાં રૂપાંતર સહિતના મામલે લડત આપવામાં આવી રહી છે

શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા લડતના મંડાણ કરી દેવામાં આવ્યા છે. જેમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ આવેદનપત્ર આપીને પણ રજુઆત કરવામાં આવી છે ત્રણ વર્ષથી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા કર્મચારીની નિવૃતિ સમયે અથવા અવસાનના કિસ્સામાં ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર આપવા, શાળાઓમાં વિષયવાર શિક્ષકોની કાયમી ભરતી કરવા, બિન શૈક્ષણિક સ્ટાફની નવી ભરતી કરવામાં આવે તેના પહેલા જુના કર્મચારીઓને બઢતી ઉપરાંત, સાતમા પગાર પંચ અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર



ભિક્ષુકો - ગાંધીનગરમાં વિવિધ ચાર રસ્તા પર ભિક્ષુકો નજરે પડી રહ્યા છે... ચાર રસ્તા પર રેડ સિગ્નલ દરમિયાન વાહનચાલકો વાહન ઉભું રાખે એટલે ભિક્ષુકો ભીખ માંગવા આવી પહોંચે છે... ઘણી વખત સિગ્નલ ચાલુ થતાં ક્યારેક આ ભિક્ષુકો ટ્રાફીકને અડચણરૂપ થતાં હોય છે... સેવાભાવી સંસ્થાઓએ અને તંત્રએ આ બાબતે કંઈક ઘટતું કરવા નગરજનોની માંગ ઉઠી છે.

# નિર્મલા સીતારમણ આવતીકાલે મહાત્મા મંદિર ખાતે જી૨૦ બેઠકમાં ભાગ લેશે

**ગાંધીનગર ગિફ્ટ સિટીની પણ મુલાકાત લેશે : કેવડિયા ખાતે નાણા મંત્રાલયની ચિંતન શિબિરની અધ્યક્ષતા કરશે**

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ આવતીકાલે મહાત્મા મંદિર પ્રદર્શન અને સંમેલન કેન્દ્ર ખાતે સંયુક્ત નાણા અને આરોગ્ય મંત્રી સ્તરની જી૨૦ બેઠકમાં હાજરી આપવા ગાંધીનગરની મુલાકાત લેશે. આ બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી ડૉ.મનસુખ માંડવિયા પણ ઉપસ્થિત રહેશે. નાણામંત્રી શનિવારે ગાંધીનગરમાં IFSC ગિફ્ટ સિટીની પણ મુલાકાત લેશે અને તેની કામગીરીની સમીક્ષા કરશે. શ્રીમતી સીતારમણ કેવડિયામાં ટેન્ટ સિટી ખાતે ૨૦-૨૨ ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન આયોજિત નાણા મંત્રાલયની ત્રણ દિવસીય ચિંતન શિબિરની અધ્યક્ષતા કરશે.

# નગરજનોને આરોગ્યલક્ષી સુવિધા પૂરી પાડવા મહાનગરપાલિકા કટિબદ્ધ : મેયર

**વાવોલમાં ડ્રોન થી દવા છંટકાવની કામગીરી શરૂઆત થઈ**



ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકામાં સૌપ્રથમવાર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુમાં મચ્છરના ઉપદ્રવને ડામવા ડ્રોન મારફત દવા છંટકાવની અને સર્વેની કામગીરી ગાંધીનગરમાં કરવામાં આવી રહી છે. જે અન્વયે મેયરની અધ્યક્ષતામાં આજે વાવોલમાં ડ્રોન થી દવા છંટકાવની પ્રથમવાર કામગીરી હાથ ધરવામાં આવી હતી આ અવસરે મેયર હિતેશ મકવાણાએ જણાવ્યું હતું કે લેટેસ્ટ ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી નગરજનોને આરોગ્યલક્ષી તમામ સુવિધાઓ પુરી પાડવા મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં વધારો થવાથી આસપાસના ૧૮ જેટલા ગામો

● અનુસંધાન પાન-૭ પર

## પોલીસ લખેલી પ્લેટ નહીં રાખી શકાય

# પોલીસકર્મીઓએ સોશિયલ મીડીયાની આચારસંહિતાનું ચુસ્ત પાલન કરવું પડશે

**પોલીસ યુનિફોર્મમાં સોશિયલ મીડીયાની રીલ્સ કે વીડીયો બનાવી પોસ્ટ કરી શકાશે નહીં : કાળા કાચ, હેલ્મેટ કે સીટબેલ્ટનું પાલન કરવું પડશે**

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના પોલીસ વડાનો ચાર્જ સંભાળ્યા બાદ પોલીસવડા વિકાસ સહાયે હવે ખુદ પોલીસને પણ ટ્રાફિકના કાયદા તેમજ નિયમોનું સંપૂર્ણ ચુસ્તપણે પાલન કરવાના આદેશ આપી દીધા છે. તેમણે પરિપત્ર કરીને નિયમોનું પાલન નહીં કરતા પોલીસ કર્મચારીઓને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, પહેલા ટ્રાફિકના નિયમો મામલે પોલીસ કર્મીઓ સુધરે ત્યાર બાદમાં લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરાવે. પોલીસ કર્મચારીઓને કોઈ કાયદો લાગુ પડતો નથી તેવુ વિચારીને તે ટ્રાફિકના તમામ નિયમોનો ભંગ કરી રહ્યા છે. જેના કારણે હવે પોલીસ ખુદ પોલીસ વિરૂદ્ધ કાર્યવાહી કરે તેવી સ્થિતિ સર્જાઇ છે.

પોલીસ કર્મચારીઓની કારમાં બ્લેક ફિલ્મ હશે તો ઉચ્ચ અધિકારી કાર્યવાહી કરશે, આ સિવાય પોલીસ કર્મચારીઓને ફરજિયાત હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ બાંધવાના પણ આદેશ આપી દેવાયા છે. તમામ શહેર, જિલ્લા તેમજ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કેટલાક પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ ટ્રાફિકના

● અનુસંધાન પાન-૭ પર

## વાઇબ્રન્ટ પુર્વે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત

# સ્વર્ણિમ પાર્કની સુંદરતા નિખારવા માટે આયોજન

**શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓમાં આકર્ષણનુ કેન્દ્ર સ્થાન : પાર્કમાં ટ્રીમીંગ, સફાઇ , પ્લમબીંગ, પ્લમબીંગની લાઇન બદલવા ઉપરાંત હરિયાળી બરકરાર રાખવા ટુંકમાં કામગીરી હાથ ધરાશે**


ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. જયારે પાર્કમાં વોટર ફાઉન્ટેઇન સહીતના આકર્ષણો હોવાના લીધે શહેરીજનો ઉપરાંત બહારગામથી પણ વિશેષ સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાત લે છે. સ્વર્ણિમ પાર્કની હરિયાળી લોન નિખારવા તેમજ વૃક્ષોના ટ્રીમીંગ અને સફાઈ તેમજ પ્લમ્બીંગ સહીતની જાળવણીનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે પાર્કની સુંદરતા વધુ નિખરે તે માટે આગામી દિવસોમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓમાં આગવુ આકર્ષણ ધરાવે છે. જયારે સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે સમયાંતરે યોગ્ય આયોજન કરવામાં આવે છે. મહાત્મા મંદિરથી વિધાનસભા સુધીના વિસ્તારમાં અંદાજિત ૨.૧૦ લાખ સ્કવેર મીટરમાં સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન જોવા મળે છે. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શહેરના સર્કલો અને માર્ગોનુ નવુ નામાભિધાન કર્યુ ત્યારે સેન્ટ્રલ વિસ્ટાને પણ સ્વર્ણિમ પાર્ક નામ આપ્યુ હતુ. સ્વર્ણિમ પાર્કમાં હાલ વોટર શો પણ સહેલાણીઓ માટે વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. જયારે પાર્કની જાળવણી માટે પણ પ્રતિવર્ષ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. મહાત્મા મંદિરથી વિધાનસભા સુધી સીધુ વિઝન આવે અલબત્ત આ પાર્ક પણ સળંગ અસ્તિત્વમાં આવે તે મુજબની પેટર્ન અપનાવામાં આવી છે. જેના લીધે ઘ-૪ ના અને ગ-૪ ના જંકશન પર અન્ડર પાસ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જયારે ગાંધીનગર તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓ માટે આ પાર્ક એક

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **શિવશંકર ડાહ્યારામ દવે** (નાયબ સચિવશ્રી નિવૃત્ત, સદ્વાંચન પરિવારના પ્રણેતા, મહાત્મા ગાંધીનગર વિચારક, કેળવણીકાર, લેખક અને સમાજ હિતચિંતક) તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ દેવલોક પામેલ છે.

**પ્રભુને ગમ્યું તે ખરું... પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ અર્પે.**

**સદ્ગતનું બેસણું તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકે નિચેના સ્થળે રાખેલ છે.**

**પિયર પક્ષ લૌકિક વ્યવહાર સમય ૨:૦૦ થી ૪:૩૦ સુધી**

**સ્થળ**

**શ્રી લિંબચ માતા મંદિર હોલ,**
**રંગમંચ પાસે, સેક્ટર-૧૩,**
**(સેક્ટર-૧૨/૧૩ બસ સ્ટેન્ડ પાસે)**
**ગાંધીનગર.**
**મો. ૯૪૨૭૦ ૫૧૩૬૧**

**લી.**

ગં.સ્વ મીરાંબેન શિવશંકર દવે — ભાનુપ્રસાદ શિવશંકર દવે
લક્ષ્મી સ્વરૂપ સ્વ. માયા ભાનુપ્રસાદ દવે — પ્રકાશ શિવશંકર દવે
અ.સૌ. સરોજ પ્રકાશ દવે — ઋષિરાજ પ્રકાશ દવે
ઉષાબેન, ઈન્દુબેન (પુત્રીઓ) — મહેન્દ્રકુમાર, પંકજકુમાર (જમાઈ)
ઉર્વશી, અવની (પૌત્રી) ● રામક્રિષ્ન, વેદ (દૌહિત્ર) યોગીની, વૈદેહી (દૌહીત્રી)

**નોંધ :સેક્ટર-૨/સી, ગણેશ ચોકના બદલ લિંબચ માતાના મંદિરે રાખેલ છે જેની નોંધ લેવી.**


# શહેરના સે-૨૭ થી ૩૦માં ૭૭ કિ.મી.ના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરાશે

**દિવાળી પુર્વે કામ શરૂ કરી દેવાશે : સાત આઠ વર્ષથી સેકટરોના આંતરિક માર્ગોનુ કામ થયુ નથી : ખોદકામ વચ્ચે વરસાદી મોસમમાં આંતરિક માર્ગોની સ્થિતિ છેવાડાના ગામ જેવી બની છે : સે-૬ અને સે-૨૯માં પણ રીંગ રોડના વાઇડનીંગનુ કામ હાથ ધરવામાં આવશે : અંદાજિત ૫૦ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં સેકટરોના આંતરિક માર્ગો ખુંદાયેલી હાલતમાં જોવા મળે છે. મોટાભાગના સેકટરોમાં આંતરિક માર્ગાની હાલત છેવાડાના ગામથી પણ બદતર છે. પાણી ગટરની નવી લાઈન નાંખવા સહીતના વિવિધ કામો અન્વયે સતત થતી ખોદકામગીરીથી માર્ગોની દશા ખરાબ થઈ છે. નિયત સમયના અંતે પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરી શકાયુ નથી જયારે વરસાદી મોસમમાં આંતરિક માર્ગો કમરતોડ બન્યા છે. ત્યારે સેકટરોમાં આંતરિક માર્ગાની દશા સુધારવા માટેની યોજના પણ તૈયાર છે. આગામી દિવસોમાં શહેરના સે-૨૭ થી ૩૦ માં કુલ ૭૭ કી મી ના માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત સે-૬ અને સે-૨૯ માં પણ રીંગ રોડના વાઈડનીંગની કામગીરી કરવામાં આવશે જેની પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ થશે દિવાળી પુર્વે આ ચારેય સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરમાં એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે છેલ્લા એક વર્ષથી વધુ સમયથી હાથ ધરાયેલી ખોદકામગીરીના લીધે સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. શહેરના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના ટુકડા જોડવા માટે પણ માર્ગો ખુંદી નાંખવામાં આવ્યા છે. જયારે છેલ્લા બે મહીનાથી વરસાદી મોસમે પણ જમાવટ કરતા માર્ગોનુ ધોવાણ પણ થયુ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોના આંતરિક માર્ગોની દશા બેઠી છે. સેકટરોના આંતરિક માર્ગોની હાલત છેવાડાના ગામ

● અનુસંધાન પાન-૭ પર

# ચરેડી ખાતે વાલ્વમાં ખામી સર્જાતા જુના સેકટરોમાં પાણીનો સપ્લાય ઘટયો

**જુના સે -૧૪ થી ૩૦ માં પ્રતિદિન સપ્લાય થતા પાણી પુરવઠામાં ૮ થી ૧૦ એમ એલ ડી ની ઘટ પ્રવર્તી : વાલ્વનુ રીપેરીંગ કામ હાથ ધરાયુ ટુંકમાં જ રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે : સેકટરવાસીઓને સહકાર આપવા તંત્રની અપીલ**

ગાંધીનગર તા ૧૮

ચરેડી ખાતે નભોઈથી આવતી મુખ્ય લાઇનમાં વાલ્વની ખામી સર્જાતા શહેરના જુના સેકટરોમાં પાણી પુરવઠો પ્રભાવિત થયો છે. જુના સેકટરોમાં છેલ્લા બે દિવસથી પાણીના સપ્લાયમાં ૮ થી ૧૦ એમ એલ ડી ની ઘટ પ્રવર્તી છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. જો કે વાલ્વના રીપેરીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. ટુંકમાં જ રાબેતા મુજબ સપ્લાય શરૂ થઈ જશે સેકટરવાસીઓને સહકાર આપવા માટે પણ તંત્રએ અપીલ કરી છે.

ગાંધીનગર શહેરમાં નવા અને જુના સેકટરોમાં એક યા બીજા કારણોસર પાણી પુરઠો પ્રભાવિત થાય છે. સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની પોકાર ઉઠતી રહે છે. શહેરના નવા અને જુના સેકટરોમાં પ્રતિદિન અંદાજિત ૫૫ થી ૬૦ એમ એમ એલ ડી જેટલો પુરવઠાનો સપ્લાય આપવામાં આવે છે. જયારે સેકટરવાસીઓ પણ છુટથી પાણીનો ઉપયોગ કરવા ટેવાયેલા છે. જો કે સેકટરોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે ચરેડી , સરિતા ઉદ્યાન વોટર વર્કસની સાથે સે- ૫ ની પાણીની ટાંકી પણ ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત નર્મદાના પાણી સાથે સેકટરોના બોર પણ પાણીની લાઈન ભરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. અગાઉ નવા સેકટરોમાં પણ ટેકનિકલ ખામીના લીધે પાણીનો સપ્લાય પુરતા પ્રમાણમાં ન થતા સ્થાનિકોને હાલાકી વેઠવી પડી હતી જો કે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આ પ્રોજેકટ પુર્ણ થતા પણ હજુ સમય લાગશે. ત્યારે હાલની સ્થિતિએ શહેરના જુના સેકટરોમાં બે દિવસથી પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાની પોકાર ઉઠી છે. નભોઈથી આવતી પાણી શુધ્ધિકરણની મુખ્ય લાઈનમાં ચરેડી ખાતે વાલ્વમાં ખામી સર્જાતા સમસ્યા ઉદભવી છે. જેના લીધે જુના સેકટરોમાં રોજ અપાતા સપ્લાયમાં

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com